# સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓપ. ન્યુ ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારોની વરણી

**ધી ગુજરાત સચિવાલય એમ્પલોઇઝ કો.ઓપ. ન્યુ ક્રેડિટ સોસાયટી લિ.ના વ્યવસ્થાપક મંડળની બેઠક મળી હતી.**



ગાંધીનગર,તા.૧૨

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડિટ સોસાયટી લિ. સરકારી અધિકા રીઓ/કર્મચારીઓની કુલ ૨૦૮૯ સભાસદો ધરાવતી આ સહકારી સંસ્થા છે. જેમાં ઉપર મુજબના હોદ્દેદારો ઉપરાંત લોન સમિતિમાં શ્રી રૂદ્રદત્તસિંહ બી. વાઘેલા, જૈમિન જે. પટેલ, મૃણાલ દેવાંગભાઈ છાયા, હિતેજ્ઞ જયંતિલાલ પટેલ, ખરીદ સમિતિમાં તારક જે. પટેલ, મૃણાલ દેવાંગભાઈ છાયા, શ્રી હિતેજ્ઞ જયંતિલાલ પટેલ, જયદિપસિંહ આઇ. ગોહિલ, પર્સોનલ સમિતિમાં સુશ્રી સમીક્ષા એચ. કમાણી, તારક જે. પટેલ, શ્રી જૈમિન જે. પટેલ તેમજ આઇ.ટી.સમિતિમાં સુશ્રી સમીક્ષા એચ. કમાણી, રૂદ્રદત્તસિંહ બી. વાઘેલા, જસ્મીનભાઇ કાવઠિયા, શ્રી જયદિપસિંહ આઇ. ગોહિલ ની સમિતિના સભ્ય તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# કુડાસણમાં ગેરકાયદેસર પાકાં દબાણો પર મનપાનો હથોડો ઝીંકાયો

**દક્ષિણ ઝોનમાં ૧૬ દુકાનો, ૨ હોલ અને એક કેબીન તોડવામાં આવ્યાં : ૨૦ વર્ષ જૂના દબાણો દુર કરાયા : અંદાજે રૂ. ૫ કરોડની જમીન ખાલી કરાવાઈ**



ગાંધીનગર, તા. ૧૨

કુડાસણમાં ટીપી-૬ અંતર્ગત રક્ષાશક્તિ સર્કલથી રિલાયન્સ ચોકડી તરફ જવાના મુખ્ય માર્ગે અપના અડ્ડા પાસેના નડતરરૂપ પાકાં દબાણો હટાવાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ ચ-૨ પાસે એક મોટુ ગેરકાયદેસર કોમ્પ્લેક્સ તોડવામાં આવ્યું હતું તે પછી હવે ફરી એકવાર આખેઆખા કોમ્પ્લેક્સ તોડવાની ઘટના સર્જાઈ છે. સર્વિસ રોડનો ઉપયોગ કરતા કુડાસણના વાહનચાલકો માટે ભારે નડતરરૂપ દબાણ હતી જતા નાગરિકોમાં રાહતની લાગણી પ્રસરવા પામી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મેગા ડીમોલેશન ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે જે અંતર્ગત કુડાસણ વિસ્તારમાં આવેલા શિવ કોમ્પલેક્સના ગેરકાયદેસર ખડકી દેવામાં આવેલા દબાણો દુર કરવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરના દક્ષિણ ઝોનના વિકાસને અવરોધ રૂપ રહેલા આ ૨૦ વર્ષ જૂના પાક્કા દબાણોને મહાનગરપાલિકાની ટીમ દ્વારા ધ્વસ્ત કરવામાં આવ્યા છે. શહેરની મંજુર નગર રચના યોજનાનં. ૬ના મૂળ ખંડને ૧૩૯માં આવતા ૧૨૦ સર્વિસ રોડ તથા લાગુ માર્ગ અને મકાન વિભાગની જમીનમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવ્યું હતું. ટ્રાફિકને અડચણરૂપ બનેલા આ દબાણોને દુર કરવામાં આવ્યા જેમાં પ્રથમ બિલ્ડિંગમાં ગ્રાઉન?ડ ફ્લોર પર કુલ ૮ દુકાનો હટાવવામાં આવી છે તથા ફર્સ્ટ ફ્લોર પર એક હોલનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું છે જ્યારે બીજી બિલ્ડિંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર ૮ દુકાનો, ફર્સ્ટ ફ્લોર પર એક હોલ તથા સેકન્ડ ફ્લોર પર એક કેબિન તોડી પાડવામાં આવ્યું છે. આમ કુલ ૧૬ દુકાનો, ૨ હોલ અને એક કેબીન તોડી પાડવામાં આવ્યા છે. સદર બાંધકામને GPMC Act ૧૯૪૯ની કલમ નં. ૨૬૦ અંતર્ગત અન અધિકૃત બાંધકામ દુર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી જે અરજદાર દ્વારા દુર ન થતાં મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા, ટાઉનપ્લાનિંગ શાખા તથા ફાયર શાખા દ્વારા સંલગ્ન કામગીરી હાથ ધરીને દબાણો દુર કરવામાં આવ્યા છે. સદર કામગીરી ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૬ જે.સી.બી. મશીન અને ૧૮ મજૂરોની મદદથી કરવામાં આવી હતી. દબાણ દુર થયા બાદ મહાનગરપાલિકા દ્વારા આ રોડને પહોળો કરવાની કામગીરી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવશે. જેથી ટ્રાફિકની સમસ્યાનું કાયમી નિરાકરણ આવશે.

# રેડિયન્ટ સ્કૂલમાં કે.જી.ના બાળકો માટે રેડ-ડે ઉજવાયો



ગાંધીનગર, તા. ૧૨

સરગાસણ સ્થિત ટી.પી. નં. ૯ વિસ્તારમાં આવેલ રેડિયન્ટ સ્કૂલમાં ૧૨ જુલાઈ-૨૦૨૩ના રોજ પૂર્વ-પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા નાના ભૂલકાંઓ માટે 'રેડ-ડે'ની ઉજવણી કરવામાં આવી. બાળકોને રંગોની સચોટ ઓળખ કરાવવાના આગવા અભિગમ સાથે સદર ડે ની ઉજવણી કરવામાં આવી જેમાં બધા બાળકો રેડ (લાલ) રંગના પોશાકમાં સજ્જ થઈને શાળામાં આવ્યા હતા. શાળામાંથી મળેલ સૂચના મુજબ પોતાની પાસે રહેલ લાલ રંગની કોઈપણ એક વસ્તુ સાથે લઈને આવ્યા હતા. શિક્ષક મિત્રોએ અભિનયની સાથે સાથે લાલ રંગની તમામ વસ્તુઓ બતાવી બાળકોને લાલ રંગથી પરિચિત કર્યા તેમજ લાલ રંગ ધરાવતી કેટલીક વસ્તુઓ જાતે બનાવી અને બાળકોને બતાવી અને બાળકોને ખૂબ મોજ કરાવી હતી.



પ્રકુતી સદભાવના પરીવાર દ્વારા સેક્ટર ૨૭ ખાતે વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો .જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના કોરર્પોરેટર અંકિતભાઈ બારોટ સહિત સમગ્ર સેકટર ના પ્રકૃત્તિ પ્રેમીઓ હાજર રહ્યા હતાં .

સૌ એ ઉમળકાભેર ભાગ લીધો હતો.કોન્ગ્રેસ ના કોર્પોરેટર અંકિતભાઈ બારટે સંસ્થા દ્વારા થઈ રહેલા વૃક્ષ ઉછેર ના કાર્ય અને તેની માવજત અંગેના કામને બિરદાવ્યું હતું. પ્રકૃતિ સદભાવના પરિવારના પ્રમુખ રાજુભાઈ રાજગોર અને સ્વસ્તિક સોસાયટી પ્રમુખ રામનિવાસ શર્માજીને ખાસ અભિનંદન પાઠવ્યા હતા અને વધું સાથ સહકાર આપવાની ખાત્રી આપી હતી. રામ નિવાસ શર્મા એ આ સાલ ૧૦૦ વૃક્ષો વાવવાનો ટાર્ગેટ આપ્યો હતો.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં વર્ષ દરમ્યાન કરવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ માટે યલો, રેડ, બ્લુ, ઓરેન્જ અને ગ્રીન હાઉસની મીટીંગનું આયોજન કરી શિક્ષકોના માર્ગદર્શન મુજબ હાઉસના કેપ્ટન, વાઈસ કેપ્ટનની પસંદગી કરવામાં આવી હતી.



ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં હરિનગર સોસાયટી ખાતે પ્રવિણસિંહ વાઘેલાના નિવાસસ્થાને સંગીતમય સુંદર કાંડના પાઠ યોજાયા જેમાં સ્થાનિક કોર્પોરેટરશૈલેષભાઈ પટેલ, હરિનગર સોસાયટીના પ્રમુખ કચરાજી ગોલ, ભાજપ લઘુમતી મોરચાના શહેર પ્રમુખ યુસુફભાઈ શેખ, ભાજપના વોર્ડ નં.૭ના ઉપપ્રમુખ અતુલ મેહતા અને વોર્ડ યુવા મોરચાના પ્રમુખ જીગરભાઈ પટેલ સહીત અગ્રણીઓએ હાજરી આપી હતી.

# શિવરંજની દ્વારા ૧૫મીને શનિવારે લોક સંગીતનો કાર્યક્રમ કોટે ટહુક્યા મોર

ગાંધીનગર, તા. ૧૨

'શિવરંજની' સંસ્થાના સભ્યોને માટે લોકસંગીત-લોકસાહિત્યની રમઝટનો એક કાર્યક્રમ એટલે કે 'કોટે ટહુક્યા મોર' આગામી તા. ૧૫-૭-૨૦૨૩, શનિવારના રોજ વર્ષ-૨૦૨૩-૨૪ના પ્રથમ કાર્યક્રમ તરીકે યોજાઈ રહ્યો છે.

હોનહાર યુવા કલાકારથી રાજભા ગઢવી લોકસંગીત-લોકસાહિત્યની જમાવટ કરાવશે. 'શિવરંજની' સંસ્થા તેના આગામી વર્ષમાં ઉત્તમ કાર્યક્રમો આપવાની કટીબદ્ધતા જાળવી રાખવા અને તમામ ગુણીજનોની માંગણીને ધ્યાને લઈને ઉચ્ચ કક્ષાનો લોકસંગીત-લોકસાહિત્યને ન્યાય આપી શકે તેવા કલાકારો દ્વારા આ કાર્યક્રમની પસંદગી કરવામાં આવી છે.

# ગીફ્ટ એસઈઝેડમાં બેંક ઓફ ઈન્ડિયાના આઈએફએસસી બેંકીંગ યુનિટનો પ્રારંભ

**ફોરેન એક્સચેન્જ બેક-ઓફિસ ખાતે એનઆરઆઈ હેલ્પ સેન્ટરની શરૂઆત**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરમાં ગીફ્ટ સીટી એસઈઝેડ એરિયામાં બેક્ક ઓફ ઈન્ડિયાએ આઈએફએસસી બેંકીંગ યુનિટ(આઈબીયુ)નો પ્રારંભ કર્યો છે. આ સાથે બેક્કની ફોરેન એક્સચેન્જ બેક-ઓફિસ ખાતે એનઆરઆઈ હેલ્પ સેન્ટરની પણ શરૂઆત કરવામાં આવી છે. આજે બેંકના એમડી અને સીઈઓ રજનીશ કર્ણાટકે ગીફ્ટ એસઈઝેડ ખાતે બેંકના એક્ઝિક્યુટિવ ડિરેકટર સ્વરૂપ દાસગુપ્તા અને આઈ એફ એસ સી એના એક્ઝિક્યુટિવ ડિરેકટર પ્રવિણ ત્રિવેદીની હાજરીમાં બેંક ઓફ ઈન્ડિયાના ઈન્ટરનેશનલ ફાયનાન્સસીંગ સર્વિસિસ બેંકીંગ યુનિટનું ઉદઘાટન કર્યુ હતું.

બેંક ઓફ ઈન્ડીયના બીઓઆઈ-આઈબીયુને ભારતમાં રહીને ટાઈમ ઝોન વીન્ડોનો લાભ આપવાનો તથા દુનિયાભરમાં આવેલાં તેનાં વિવિધ કેન્દ્રો મારફતે સ્પર્ધાત્મક પ્રાઈસીંગ અને પોતાની અનુભવી ટીમ મારફતે ઝડપી પ્રોસેસિંગનો એમ બેવડો લાભ પૂરો પાડી શકશે. બેંકના એમડી અને સીઈઓ




રજનીશ કર્ણાટકે આ પ્રસંગે માહિતી આપી હતી કે આઈબીયુ ગીફ્ટ સીટીમાં હોવાને કારણે બેંકને ૧૦ વર્ષ સુધી ટેકસ હેવન (કરમુક્તિ)નો લાભ મળશે. યુનિફાઈડ રેગ્યુલેટરને કારણે વિદેશની તુલનામાં નીચો સંચાલન ખર્ચ તેમજ કોર્પોરેટ ક્ષેત્રને વિદેશી કરન્સીમાં ધીરાણ માટેનાં આસાન નિયમોનો લાભ મળશે. ગીફ્ટ સીટી ખાતે આવેલુ બીઓઆઈ-આઈબીયુ વિવિધ ગ્રાહકોને આઈએફએસસીઆઈની માર્ગરેખાઓ મુજબ ટ્રાન્ઝેક્શન આધારિત ઈન્ટરનેટ બેંકિંગ સુવિધા મારફતે ડિજીટલ બેંકીંગ ફેસિલિટીઝ પૂરી પાડવા ઉપરાંત એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગ્સ (ઈઝમ્જ), ટ્રેડ ફાયનાન્સ ફેસિલિટીઝ, ફોરેન કરન્સી લોન્સ, સિન્ડીકેશન લોન્સ (ઓરિજીનેશન, અન્ડરરાઈટીંગ, એન્ડ ડીસ્ટ્રબ્યુશન), ફોરેન કરન્સી ડિપોઝિશન એકાઉન્ટ-કરન્ટ અને ટર્મ ડિપોઝીટસ સહિત વિવિધ ગ્લોબલ બેંકીંગ સોલ્યુશન્સ (સર્વિસીસ) પૂરાં પાડશે.

એમ.એસ બિલ્ડીંગ, ગાંધીનગર ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પ વર્ષ - ૨૦૨૫ ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત કમલાદેવી જ્ઞાન અને પોષણ ફાઉન્ડેશન તથા અરવિંદ મીલ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરાયેલા ટીબીના દર્દીઓ માટેની પોષણયુક્ત આહારની કીટનું વિતરણ કર્યું હતું.



# શહેરના માર્ગો ભારે વરસાદમાં ધોવાયા



ગાંધીનગર, તા. ૧૨

વરસાદે આ વર્ષે ખુબ મહેર કરી છે. વરસાદના બે પ્રારંભિક રાઉન્ડમાં શહેરમાં સારો એવો વરસાદ વરસી ચૂક્યો છે. જો કે સતત વરસાદના કારણે શહેરમાં કેટલીક સમસ્યાઓ ઉદ્ભવી છે તેમાં મુખ્યત્વે રસ્તાઓ તુટી જતાં વાહનચાલકો અને સ્થાનિક રહેવાસીઓને અપાર તકલીફો પડી રહી છે. રાજ્યના પાટનગરના રસ્તાઓની હાલત પ્રારંભિક વરસાદમાં જ ખરાબ થઈ ગઈ છે. સેક્ટરોના આંતરિક રસ્તાઓ પર તો એટલા બધા ખાડાઓ પડ્યા છે કે રાહદારીઓને ક્યાંથી પસાર થવુ અને વાહનચાલકોને ક્યાંથી વાહન લઈ જવુ મોટો પ્રશ્નાર્થ બની ગયો છે. વળી સતત વરસાદ વરસતા ડામર અને કપચી ખુબ ઉખડી રહ્યા છે. જેના કારણે મસમોટા ખાડા પડ્યા છે.

મુખ્ય રસ્તાઓની હાલત પણ બહુ સારી નથી. ઘ અને ચ રોડ પર ઘણી જગ્યાએ વરસાદના કારણે કપચી ઉખડી ગઈ છે. રોડના ટર્નીંગમાં અને આસપાસ કપચી અને રેતીના થર જોવા મળી રહ્યા છે. વરસાદ બંધ થતાં રેતી ખુબ ઉડી રહી છે. આ રેતી વાહનચાલકોના આંખોમાં ઉડી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. હજુ તો આખુ ચોમાસુ બાકી છે ત્યારે રોડ-રસ્તાની આવી હાલત થતાં વસાહતીઓનો રોષ ભભૂકી ઉઠ્યો છે. આટલા વરસાદમાં રોડ તુટી જતા અને તેમાં અસહ્ય ખાડા પડતા રોડની નબળી ગુણવત્તા છતી થઈ રહી છે. આ માર્ગોને ઝડપથી રીપેર કરવા અને માર્ગો પરની રેતીને દૂર કરવા વાહનચાલકો માંગણી કરી રહ્યા છે.



ગાંધીનગરને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ સેકટર-૨/છ ખાતે વૃક્ષારોપણ કર્યુ હતું .આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે આવો આપણે સૌ વૃક્ષોનું મહત્વ સમજીએ અને વધુમાં વધુ વૃક્ષો વાવી પ્રકૃતિનું રક્ષણ અને સંવર્ધનનો સંકલ્પ લઈએ. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સમર્પણ કોલેજ ખાતે માઈક્રોબાયોલોજીમાં એકસપર્ટ લેક્ચરનું આયોજન

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબોલોજી દ્વારા એક્સપર્ટ લેક્ચર નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના શ્રી હડમત ગઢવી તથા રવિરાજસિંહ વાઘેલ હાજર રહ્યા . તેમણે વિદ્યાર્થીઓને માઈક્રોબાયોલોજી વિષયમાં એન્ટપ્ર એન્ટ્રપ્રેન્યોર બનવા માટેની માહિતી પૂરી પાડી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે માઈક્રોબાયોલોજી ફિલ્ડમાં ઓપર્ચ્યુનિટીઝ, મેનેજમેન્ટ કેવી રીતે સાધીને સારા એન્ટ્રપ્રેન્યોર બની શકાય છે. આ લેકચર નું સફળ આયોજન કરવા બદલ કોલેજના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ , પ્રિન્સિપાલ ડો રાજી ડેનિસ તથા રજીસ્ટ્રાર ડો એમ. ડી. પાંડેએ માઈક્રોબોલોજી ડિપાર્ટમેન્ટ ના સ્ટાફ મેમ્બર્સ ડો માર્ગી ભટ્ટ, પ્રો. જસપાલ, પ્રો હિરલ સુરતી તથા હિરલ વેદને અભિનંદન પાઠવ્યા હતા.

